# શ્રી સ્વામિનારાયણ જ્ઞાનપીઠ સલવાવ - USA

આશીર્વાદ

પ.પુ. પુરાણી કેશવચરણદાસજી



॥ જય સ્વામિનારાયણ ॥



પુરુષાર્થ

પ.પુ. શાસ્ત્રી સ્વામી કપિલજીવનદાસજી



ગુરુ ગોવિંદસિંહજી એ " કર સાહબ કી બંદગી ભૂખે કો અન્ન દે " નું પ્રચલિત સૂત્ર આપ્યું છે. ભગવાન સ્વામિનારાયણ પણ એ જ ઉપદેશ આપે છે. પોતાના રોજીંદા કાર્ય સાથે ભગવાનનું ભજન કરતા રહો અને કોઈ ભૂખ્યા ન રહી જાય તેનો ખ્યાલ રાખો. માનવ ધર્મ એ જ સાચી માધવ સેવાના સૂત્ર સાથે શ્રી સ્વમિનારાયણ જ્ઞાનપીઠ સલવાવ દ્વારા વાપી વિસ્તારની હોસ્પિટલો માં દર્દી અને તેમના સાથે સેવામાં રહેનાર સબંધીને મફત અને શુદ્ધ પોષ્ટિક ભોજન સમયસર પહોચી જાય એવી સુંદર વ્યવસ્થા સંસ્થા નિભાવી રહી છે. દાતાઓ તરફથી દાન મળે પણ રોજની રોજ વ્યવસ્થા સમય પાલન સાથે કરવી એ કાર્ય કઠીન છે. વળી



સંસ્થામાં કોઈ આવે અને એને ભોજન પીરસવું સહેલું છે. પરંતુ વાપી જેવા મોટા શહેરમાં અનેક હોસ્પિટલ અને તે દરેકમાં દાખલ થતા દર્દી માટે હોસ્પીટલમાં છેક એના બેડ સુધી ભોજન પહોચાડવું એ ખુબ જ મહેનત માંગી લે તેવું કામ છે. જો કે સંતો માટે આવા કાર્યો એ સાહજિક છે. પરોપકારની જ્યાં ભાવના હોય ત્યાં ઈશ્વર સ્વયં એ કાર્યમાં બળ ચોક્કસ આપે છે. એ ન્યાયે વાપીની હોસ્પિટલોમાં રોજ અંદાજે ૧૦૦ જેટલા ટિફિનો ફ્રી પહોંચાડવામાં આવે છે.

# હોસ્પિટલોમાં દરદીને મફત ટિફિન સેવા

**પ્રોજેક્ટ : પ્રારંભ ૨૦૧૬** | **લાભાર્થી : ૪૦,૦૦૦ થી વધુ દર્દીઓ**



હોસ્પિટલમાં દર્દીઓને ટીફીન આપતાં પૂ. કપિલ સ્વામીજી



દર્દીઓને ટીફીન આપી રહેલા બાબુભાઈ સોડવાડિયા



ટીફીન સેવાનુ નિરીક્ષણ કરી રહેલા સલવાવનાં
સંત પૂ. કપિલ સ્વામીજી




ટીફીન સેવા માટે દાનનો ચેક અર્પણ કરી રહેલા દાતા



સલવાવનાં સંત પૂ. કપિલ સ્વામીજીનાં હસ્તે ટીફીનસેવાનો
લાભ લઈ રહેલા દર્દીઓ